**Recruitment of Assistant Teacher for SUMAN School (PRO No.1875, Dt.13/12/2021)**

## –:: ફાયનલ મેરીટ લીસ્ટ ::–

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન શાળાઓ ખાતે માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયક કેડરની ગુજરાતી, મરાઠી, હિન્દી, ઉર્દુ તથા ઉડીયા માધ્યમની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે મંગાવવામાં આવેલ ઓનલાઈન અરજીઓ અન્વયે ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના વખતો વખતના પરિપત્રો, ઠરાવોની જોગવાઈ મુજબ જે તે માધ્યમ તેમજ વિષય માટે શિક્ષક થવા માટે નિયત થયેલ શૈક્ષણિક લાયકાત અન્વયે ઉમેદવારોએ તેમની અરજી સાથે રજૂ કરેલા તેમની શૈક્ષણિક લાયકાત અંગેના પુરાવાઓ ધ્યાને લઈને ઉમેદવારી અરજીઓની ફેરચકાસણી કરીને માન્ય અરજીઓનું ફાયનલ મેરીટ લીસ્ટ **(Annexure-1)** થી તેમજ અમાન્ય અરજીઓની યાદી **(Annexure-2)** થી તથા જે માધ્યમ/વિષય માટેની અનામત કેટેગરી માટે માન્ય ઉમેદવારો ઉપલબ્ધ નથી તેવા કિસ્સામાં તે માધ્યમ/વિષય માટેની નિયત લાયકાત ધરાવતા અન્ય કેટેગરીના નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોમાંથી એડહોક ધોરણે લેવા વિચારણા કરવા અંગેની યાદી **(Annexure-4)** થી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

- ફાયનલ મેરીટ લીસ્ટ **(Annexure-1)** થી માં સમાવિષ્ટ જે તે માધ્યમ/વિષય માટે જાહેરાત મુજબની કેટેગરીવાઈઝ જગ્યા માટે માન્ય અરજીના ઉમેદવારોમાંથી અગ્રતાક્રમે આવતા પાંચ ગણા ઉમેદવારો અગર તો તે કરતા ઓછી સંખ્યાના કિસ્સામાં ઉપલબ્ધ ઉમેદવારોને આખરી ડોકયુમેન્ટ ચકાસણી માટે બોલાવવામાં આવશે. જેમાં ઉમેદવારોના અસલ દસ્તાવેજો સાથે ખરાઈ કરી ત્યારબાદ અગ્રતાક્રમે આવતા ઉમેદવારોમાંથી જે તે માધ્યમ/વિષય માટે જાહેરાત મુજબની કેટેગરીવાઈઝ જગ્યા માટે આખરી પસંદગીયાદી/પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.
- એડહોક ધોરણે ભરવા વિચારણા કરવા અંગેની યાદી**(Annexure-4)** માં સમાવિષ્ટ જે તે માધ્યમ/વિષય માટે અગ્રતાક્રમે આવતા પાંચ ગણા ઉમેદવારો અગર તો તે કરતા ઓછી સંખ્યાના કિસ્સામાં ઉપલબ્ધ ઉમેદવારોને આખરી ડોકયુમેન્ટ ચકાસણી માટે બોલાવવામાં આવશે. જેમાં ઉમેદવારોના અસલ દસ્તાવેજો સાથે ખરાઈ કરી ત્યારબાદ અગ્રતાક્રમે આવતા ઉમેદવારોમાંથી એડહોક ધોરણે ભરવા વિચારણા કરવામાં આવશે અને તે અન્વયે સક્ષમ સત્તાની મંજુરીને આધિન કાર્યવાહી કરવામાં આવશે.
- આખરી ડોકયુમેન્ટ ચકાસણી તા.૧૨/૦૬/૨૦૨૩, સોમવારના રોજ રાખવામાં આવેલ છે. જે અન્વયે ડોકયુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવા જોગ ઉમેદવારોની યાદી હવે પછી પ્રસિધ્ધ કરવામાં આવશે અને તેમાં સમાવિષ્ટ ઉમેદવારોને અલગથી કોલલેટરથી તેમજ મોબાઈલ નંબર ઉપર એસ.એમ.એસ. મોકલી જાણ કરવામાં આવશે.
- આ સાથે પ્રસિધ્ધ કરેલ યાદીઓમાં ઉમેદવારનું નામ સમાવિષ્ટ થયેલ હોવા માત્રથી કે ઉમેદવારને ડોકયુમેન્ટ વેરીફીકેશન માટે બોલવવામાત્રથી ઉમેદવાર જે તે માધ્યમ/વિષય માટેની જગ્યા માટે પાત્રતા ધરાવતા હોવાનો કે નિમણૂંક માટેનો હકક દાવો કરી શકશે નહી, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

* * * * * * * * *